# ન્યુ ગાંધીનગરને બિન્દાસ્ત ઘમરોળતી ચડ્ડી-બનિયાનધારી ગેંગ કેમેરામાં કેદ..!!

## છથી સાત ચડ્ડી-બનિયાનધારી શખ્સો હથિયાર લઇને ફરતા સરગાસણની એક સોસાયટીનાં સી.સી.ટી.વી કેમેરામાં કેદ થયા : રહિશો ભયભીત : પોલીસ લાચાર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં તરખાટ મચાવ્યા બાદ હવે તસ્કરોએ ઘણા




સમયથી ન્યુ ગાંધીનગરનાં કુડાસણ – સરગાસણ વિસ્તારની સોસાયટીઓને ટાર્ગેટ બનાવી છે. હાલ ન્યુ ગાંધીનગરને બિન્દાસ્તપણે ઘમરોળી રહેલી ચડ્ડી-બનિયાનધારી ગેંગ સરગાસણ ખાતેની પ્રમુખ ઓએસીસ સોસાયટીનાં સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. રવિવારે પરોઢીયે જ્યારે પાટનગરનાં મહેમાન દેશનાં રાષ્ટ્રપતિ હતા તે પરોઢનાં અરસામાં આ ગેંગ સરગાસણમાં ખુલ્લેઆમ ફરતા કેમેરામાં કેદ થયેલી છે. બે મકાનોને નિશાન બનાવ્યા ત્યારે અવાજ થતા રહિશોએ બુમાબુમ કરતા ટોળકી રફ્ફુચક્કર થઈ ગઈ હતી. જો કે આ મામલો પોલીસ મથકે નોંધાયો ન હોવાનું જાણવા મળ્યુ છે તો બીજી તરફ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આ ગેંગનાં ફોટો સોશ્યલ મિડીયા મારફતે વાયરલ થતા રહિશો ભયભીત થઈ ગયા છે.

ન્યુ ગાંધીનગરને તસ્કર ટોળકીએ સકંજામાં લીધુ છે. કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં આ ગેંગ ખુબ જ સક્રિય થઈ છે ત્યારે આ ચોરીઓ પાછળ ચડ્ડી-બનિયાનધારી ગેંગનો હાથ હોવાની શક્યતા પ્રબળ બની છે. ખુલ્લા પગે, હાથમાં ધોકા જેવા હથિયાર લઈને અને ચડ્ડી-બનિયાન પહેરીને શરીરે તેલ લગાવીને ફરતી આ ગેંગ સરગાસણની એક સોસાયટીનાં સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હોવાનું ધ્યાને આવ્યુ છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસે સરગાસણ વિસ્તારમાં આવેલી પ્રમુખ ઓએસીસ સોસાયટીનાં વિવિધ સીસીટીવી કેમેરામાં કેદ થયેલા ચડ્ડી-બનિયાનધારી ગેંગનાં છ થી સાત સાગરિતોનાં ફોટો અને વિડીઓ સરગારણની સોસાયટીઓના રહિશોમાં ફરતા થયા છે. સોશ્યલ મિડીયા મારફતે ફરતા થયેલા આ ગેંગનાં ફોટોથી રહીશો ફફડી ઉઠ્યા છે. તો બીજી તરફ આ વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગ વધારવા રહિશોની માંગ છે. જો કે નવાઈની વાત તો એ છે કે પોલીસે હજુ સુધી આ ગેંગને પકડવા કોઈ કાર્યવાહી કરી નથી.




પ્રાપ્ત વિગત અનુસાર રવિવારે સવારે આ ગેંગે પ્રમુખ ઓએસીસનાં બે મકાનોને નિશાન બનાવ્યા પરંતુ તાળા તોડવાનાં અવાજો આવતા રહિશો જાગી ગયા અને બુમાબુમ થતા ટોળકી ભાગી જવામાં સફળ રહી હતી.

# ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા કડી સર્વ વિશ્વ વિદ્યાલયની અનોખી પહેલ

## સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ માટે વિદ્યાર્થીઓને તાલીમ, પ્રોત્સાહન સાથે આર્થિક સહયોગ પુરો પડાશે : યુનિવર્સિટીમાં યોજાયેલા સ્ટાર્ટઅપ સેમિનારમાં યશ જૈન અને ઋતુરાજ સિંઘ જેવા સ્ટાર્ટઅપ તજજ્ઞો ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેક્ટર-૧૫ સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે તાજેતરમાં યુવા ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટઅપ સેમિનારનું આયોજન મેન્ટર ઋતુરાજ સિંઘ 'તિતલી'ના સ્થાપક પ્રાંજલ મોદી જેવા તજજ્ઞોએ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા યુવા ઉદ્યોગ સાહસિકો વિકસાવવા આવશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ બિઝનેસ મોડલ્સ રજૂ કરાયા હતા જેમાંથી ૧૦ મોડેલ્સની સ્ટાર્ટઅપ માટે પસંદગી કરાશે. આ સેમિનારમાં કડી સર્વ વિશ્વ



કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં યુનિવર્સિટીના બીબીએ, એમબીએ, એન્જિનીયરીંગ સહિતના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમને 'બિઝનેસ ગુરૂ'ના સ્થાપક યશ જૈન, રેસ્ટોરન્ટ માટેની ઓર્ડર સ્ટેક એપના નિર્માતા ઓમકાર દુસાને, વિશ્વના ટોપ-૫૦ યંગ ટેકનોક્રેટમાં સ્થાન મેળવનાર ૫૦૦ જેટલા સ્ટાર્ટઅપના કરાયેલ અનોખી પહેલના ભાગરૂપે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહન, તાલીમ તથા નાણાંકીય સહયોગ પણ પુરો પાડવામાં આવશે. સ્ટાર્ટઅપ માટે વિદ્યાર્થીઓને સાત માસની તાલીમ અપાશે ત્યારબાદ એક વર્ષમાં તેમનું સ્ટાર્ટઅપ કમાણી કરતુ કેવી રીતે બનાવાય તેની પ્રાયોગિક જ્ઞાન પણ પુરૂ પાડવામાં વિદ્યાલયના રજિસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા, ડાયરેક્ટર ડી.ટી. કાપડિયા સહિત વિવિધ કોલેજના પ્રિન્સિપાલ્સ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કાકા... તમે ?... ઓળખી ગયો તમને... એ જ કર્કષ અવાજ અને ખાવાનાં સમયે રાહ જોવડાવવાની...!!

# સુઘડ કેનાલમાંથી બિનવારસી મહિલાનો મૃતદેહ મળ્યો

## કમરે માતાજીની ચુંદડી બાંધેલી હોવાથી પદયાત્રી હોવાની આશંકા

ગાંધીનગર, તા.૭

અડાલજ નજીક આવેલા સુઘડ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે એક બિનવારસી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આશરે ૩૫ વર્ષિય આ મહિલાનો મૃતદેહ બહાર કાઢી અડાલજ પોલીસે તેણીની ઓળખ માટે તજવીજ શરુ કરી છે પરંતુ હજુ સુધી તેની ઓળખ થઈ શકી ન હતી. નોંધનીય બાબત એ છે કે મૃતક મહિલાનાં કમર પર માતાજીની ચુંદડી બાંધેલી છે.

આ ચુંદડી જોતા બિનવારસી મહિલા પદયાત્રી હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી છે. મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી અડાલજ પોલીસે મહિલાની ઓળખ માટે તથા મૃત્યુનુ કારણ બહાર લાવવા માટે તજવીજ શરુ કરી છે.

# સે-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં પાણીની લાઈનમાં ભંગાણ, બે મહીનાથી નર્મદાનુ પાણી મળતુ નથી

## સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ સમસ્યાનો ઉકેલ ટુંકમાં નહી આવે તો ચુંટણીનો બહિષ્કાર કરશે

ગાંધીનગર તા ૭

પાણીની પાઈપલાઈનમાં લીકેજીસની સમસ્યા હલ ન થતા સે-૨૬ ગ્રીનસીટીમાં નર્મદાનુ પાણી મળતુ નથી. છેલ્લા બે મહીનાથી નર્મદાનુ પાણી ન આવતુ હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રવર્તયો છે. આવા સંજોગોમાં ગેઝિયા દ્વારા પાણીની મુખ્યલાઈનનુ સમારકામ પણ હાથ ન ધરાતા ગ્રીનસીટીના રહીશોને નર્મદાનુ પાણી મળતુ નથી. જયારે માર્ગોની હાલત પણ કફોડી છે. ત્યારે ટુંકમાં જ સમસ્યાનુ નિરાકરણ નહીં આવે તો આગામી ચુંટણીનો પણ સ્થાનિકો બહિષ્કાર કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સે-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવાની લાઈનમાં છેલ્લા બે મહીનાથી લીકેજીસ થતા આ લાઈન હાલ બંધ હાલતમાં છે. જેના લીધે આ વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવતુ નથી. આ મામલે પાટનગર યોજના ભવનના અધિકારીઓ દ્વારા પણ ગેઝિયાને લીકેજીસની લાઈનનુ રીપેરીંગ કરવા માટે જણાંવાયુ છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. જી આઈ ડી સી માં પાણી ગટરનો કોન્ટ્રાકટની જવાબદારી ગેઝિયાની છે. ત્યારે નર્મદાના પાણીના અભાવ વચ્ચે સ્થાનિક રહીશોએ હાલ ટયુબવેલના પાણીથી કામ ચલાવવુ પડે છે. લાંબા સમયથી પાણીની સમસ્યા હલ થઈ નથી. એકબાજુ નર્મદા રથના ઓવારણા લેવાઈ રહયા છે. ત્યારે પાણીની લાઈનમાં લીકેજીસને ડામવાના સામાન્યા કામના અભાવે શહેરના એક પોકેટમાં નર્મદાનુ પાણી સપ્લાય થઈ શકતુ નથી. લીકેજીસની સમસ્યાના લીધે પાટનગર યોજના ભવન દ્વારા સપ્લાય પણ બંધ કરી દેવાયો છે. જયારે આ વિસ્તારના રસ્તાઓ પણ ખરાબ હાલતમાં છે. ત્યારે સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. સ્થાનિક ધારાસભ્ય કક્ષાએથી પણ આ વિસ્તારમાં નર્મદાનુ પાણી મળે તે માટે અનેકવાર ભલામણ કરવામાં આવી છે. પરંતુ આ વાતનો ગંભીરતાથી લેવામાં આવતી નથી. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકો લડાયક મુડમાં છે. સ્થાનિક રહીશો દ્વારા આગામી દિવસોમાં ચુંટણીનો બહિષ્કાર કરી લડત આપવાનો અભિગમ અપનાવાયો છે.



## ચોરીની રિક્ષા સાથે એલ.સી.બી.ની ટીમે બે શખ્સોને પકડી પાડ્યા

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહીતની ટીમનાં પી.એસ.આઈ કૃણાલ પટેલ તેમના સ્ટાફ સાથે શહેરમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે અમદાવાદ નિકોલ વિસ્તારમાંથી ચોરી થયેલી રિક્ષા સાથે બે શખ્સો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉભા છે તેના આધારે એલ.સી.બી ની એક ટીમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. ચોરીની રિક્ષા સાથે ધોળાકુવા ગામમાં રહેતા ભીખા ઝાલાભાઈ ભરવાડ અને વિજય જીવણભાઈ ભરવાડને એલ.સી.બીની ટીમે પકડી પાડ્યા હતા. આ રિક્ષા નિકોલ સર્કલ પાસે આવેલી કેશવ કન્સ્ટ્રક્શન સાઈટ પરથી ૩ જુને ચોરી કરી હોવાની કબુલાત કરતા દોઢ લાખની રિક્ષા સાથે બંનેની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરી છે.



## ઈસનપુર મોટા એસ.વી. પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામ ખાતે ૫મી સપ્ટેમ્બરના રોજ જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ રાજ્ય શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સર્વશિક્ષા અભિયાનમાંથી જયશ્રીબેન દેવાંગન અને શિક્ષણના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# સિસિકા એન્જિનિયરીંગ અને મેડીકલના તેજસ્વી તારલાંઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં એન્જિનીયરીંગ તથા તબીબીક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા સન્માન કરવામાં આવશે. સિસિકા દ્વારા દર વર્ષે કરાતા સન્માન અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ માટે સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અથવા આર્કિટેક ક્ષેત્રે બી.ઈ. તેમજ એમબીબીએસના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. આ સન્માનમાં સામેલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની ખરી નકલ તથા આ ક્ષેત્રોમાં પ્રાપ્ત સિદ્ધિની સંપૂર્ણ વિગતો સિસિકાના સેક્ટર-૨૧ ખાતેના પ્લોટ નં. ૭૯૦/૧, નમન એપાર્ટમેન્ટ સ્થિત કાર્યાલય ખાતે મોકલી આપવા જણાવાયુ છે. આ વિગતો તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં સંપૂર્ણ આધાર સાથે મોકલી આપવાની રહેશે તેવુ જણાવાયું છે.

# ઈન્દ્રોડા પ્રાથમિક શાળા ખાતે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ લોકાર્પણ

ગાંધીનગર, તા. ૭

આજના યુગમાં જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીએ હરણફાળ ભરી છે ત્યારે શાળાના વિદ્યાર્થીઓને પણ ગુણવત્તાયુક્ત અને ટેકનોલોજીકલ જ્ઞાન પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં અત્રેના ગાંધીનગર શહેર વિસ્તારની સરકારી પ્રાથમિક શાળા નં. ૧ ઈન્દ્રોડામાં આ પ્રોજેક્ટ પ્રાપ્ત થયેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ-૭ અને ૮ના વર્ગખંડને ઈન્ટરેક્ટિવ બનાવી જ્ઞાનકુંજ પ્રેજક્ટનું લોકાર્પણ કાર્યક્રમ આજરોજ સ.પ્રા. શાળા ઈન્દ્રોડા-૧ ખાતે મદદનીશ પશુપાલન નિયામક ડૉ. આર.વી. પ્રજાપતિના હસ્તે કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં લાયઝન અધિકારી નયનાબેન બ્રહ્મભટ્ટ, કોર્પોરેટર હસમુખભાઈ મકવાણા, એસએમસીના સભ્યો, ગ્રામસેવા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વોર્ડ નં. ૮માં ટ્રાફિક જંકશન અને સ્પીડ બ્રેકર બનાવવા માંગ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા વિવિધ પ્રજાલક્ષી પ્રશ્નો અંગે કાર્યવાહી કરવા પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. આ પ્રશ્નોમાં વોર્ડના માર્ગો પર ટ્રાફિક જંકશન માટે ડામરકામ કરવાની, માર્ગો પર સ્પીડબ્રેકર્સ બનાવવાની તથા ધાર્મિક સ્થળોને મુખ્ય માર્ગોથી જોડવા અંગે માગણી કરી છે.

વોર્ડ નં. ૮માં રસ્તા પરના વળાંકો કે ક્રોસ જંકશન પોઈન્ટસ પર પાંચ મીટર કે આઠ મીટરની મર્યાદા છોડી ચોક જેટલી જગ્યાનું ડામર કામ કરવુ જેથી ટ્રાફિક જંકશનમાં થતા અકસ્માત ઘટાડી શકાય તેવી કોર્પોરેટર દ્વારા રજૂઆત કરાઈ છે. વળી સે. ૫-બીની જેમ સે. ૧, ૨, ૩ ન્યુ અને ૪માં પણ મુખ્ય માર્ગો પર સ્પીડબ્રેકર્સ બનાવવા માંગ કરવામાં આવી છે. આ સાથે તેમણે જાહેર માર્ગોના સૌથી નજીકના પોઈન્ટથી ધાર્મિક સ્થળોને રસ્તાથી જોડવા જેથી ટ્રાફિક સલામતી જળવાય તેવી રજૂઆત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રવિણાબેન વોરાએ તાજેતરમાં તેમના વોર્ડમાં સચિવાલયના ડૉ. રાકેશ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળો તૈયાર કરાવી તેનું વોર્ડમાં ધાર્મિક સ્થળોએથી વિતરણ કરવા ઉપરાંત અંબાજીનો પદયાત્રીઓ માટે પણ મોકલાવવાની સેવા પુરી પાડી હતી.

# જલ ભવન કચેરી ખાતે સ્વાઈન ફ્લુના ઉકાળાનું વિતરણ કરાયું



ગુજરાત પાણી પુરવઠા કર્મચારી/અધિકારી મંડળ તથા ગુજરાત પાણી પુરવઠા ક્રેડીટ સોસાયટી મહેસાણાના ઉપક્રમે ગાંધીનગર પાણી પુરવઠા બોર્ડ સે-૧૦ એ જલ ભવન કચેરી ખાતે સ્વાઈન ફ્લુના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્વાઈન ફ્લુના રોગચાળા સામે રોગપ્રતિકારક શકિત વધારતા આ આયુર્વેદિક ઉકાળાનો ૩૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓએ લાભ લીધો હતો. આ ઉકાળા વિતરણ કાર્યક્રમમાં પાણી પુરવઠા બોર્ડના સભ્ય સચિવ તુષાર ધોળકીયા તથા મંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયા, મહેન્દ્રસિંહ ચૌહાણ, મુખ્ય ઈજનેર એન.એચ. પટેલ હાજર રહ્યા હતા અને સાથે રહી ઉકાળાનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે મહેસાણા પાણી પુરવઠા ક્રેડીટ સોસાયટીના પ્રમુખ કમલેશ વૈદ્ય અને તેમની ટીમનો સાથ સહકાર સાંપડયો હતો.